**પાઠ- ૯**

# માણસની મુઠ્ઠીમાં અલાઉદ્દીનનો જીનઃવિદ્યુત

**- ચંદ્રકાંત બક્ષી**

* **આકલન :-**

* **નીચેના વિધાનો ખરાં છે કે ખોટા તે લખો.**

૧) ઔષધ વિજ્ઞાન અલાઉદ્દીનનો જીન છે. (      )

૨) આપણે પર્વતો તોડીને, નદીઓને વાળીને - રોકીને વિરાટ બંધ બાંધીએ છીએ. (      )

૩) મનુષ્યને આ શક્તિ મળ્યે માત્ર દોઢસો-બસો વર્ષ જ થયા છે. (      )

૪) વિજ્ઞાન માણસની બુદ્ધિથી બે કદમ આગળ દોડતું રહયું છે. (      )

* **કોષ્ટક પૂર્ણ કરો.**




**પાનુ નં - ૧૦૬**
**[ વિજ્ઞાનની વિનાશક શક્તિ............**
**.......................બાળકનો જન્મ પણ શક્ય બન્યો છે. ]**

* **હું કોણ? મને ઓળખો.**

૧) હું અલાઉદ્દીનનો જીન છું - .......................

૨) અમને વાળી-રોકીને વિરાટ બંધ બધાય છે - .....................

૩) કોની લગામ આપણા હાથમાં છે - .....................

૪) અમારા શરીર પર ડાયનેમાઈટ બાંધવામાં આવે છે - .....................

* **ખાલી જગ્યા પૂરો.**

૧) એનામાં આખી..................... હલાવવાની શક્તિ છે.

૨) અલાઉદ્દીનના જીનની .................. આપણા હાથમાં છે.

૩) .............બદલવાની ક્રિયા તો આપણા જમાનામાં આપણે જોઈ જ છે.

૪) પછી રાક્ષસી જનરેટરો ફેરવીને લાખો .................. વિદ્યુત પેદા કરીએ છીએ.

* **વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.**

૧) મનુષ્યને આ શક્તિ મળ્યે માત્ર ................... વર્ષ જ થયા છે.

૧) એકસો-દોઢસો    ૨) બસો-અઢીસો    ૩) દોઢસો-બસો

૨) એક જમાનામાં આ પ્રકારની વૈજ્ઞાનિક ..................ની કલ્પના કરનારને મૂર્ખ સમજવામાં આવતો હતો.

૧) શક્તિ ૨) શોધ ૩) સિદ્ધિ

૩) વિદ્યુતની આ રાક્ષસી શક્તિને અંકુશમાં રાખીને માણસના રોજના ઉપયોગમાં લાવવી એ વિજ્ઞાનનો સૌથી મોટો .................... છે.

૧) ઉપકાર ૨) આશીર્વાદ ૩) હાથ

૪) માદાના ગર્ભાશયની બહાર ................ માં બાળકનો જન્મ પણ શક્ય બન્યો છે.

૧) હૉસ્પિટલમાં ૨) ઘરમાં ૩) ટેસ્ટ-ટ્યૂબમાં

* **આકૃતિ પૂર્ણ કરો.**




* **વિધાન પૂર્ણ કરો.**

૧) વિજ્ઞાનની વિનાશક શક્તિ વિષે એટલું બધું લખાયું છે કે.....................

૨) વાંદરાઓનાં શરીરો પર ડાયનેમાઈટ બાંધી એવી તાલીમ આપવામાં આવે છે કે...................

* **શબ્દસંપત્તિ**

| | | | | |
|---|---|---|---|---|
| આ | વિ | પ | બ | વાં |
| ફ | શી | ના | ડ | દ |
| લ | શ | ર્વા | શ | કી |
| મ | લી | તા | દ | ક |
| ન | રી | મ | બ | સ |

**કોઠા પરથી જવાબ લખો.**

૧) 'આશિષ' નો સમાનાર્થી શબ્દ.............

૨) સમુદ્રમાં વપરાતું હથિયાર/શસ્ત્ર............

૩) કેળવણી - ................

૪) 'વિ' ઉપસર્ગથી શરૂ થતો શબ્દ ..............

* **આકૃતિ પૂર્ણ કરો.**




'વિ' થી શરૂઆત ચાર શબ્દો ગદ્યમાંથી શોધી લખો.

* **જોડકાં જોડો**

| | |
|---|---|
| ૧) વિરાટ | અ) હકીકત |
| ૨) કલ્પના | બ) ચતુર |
| ૩) આશીર્વાદ | ક) વામન |
| ૪) મૂર્ખ | ડ) શ્રાપ |

* **સહસંબંધ જોઈ ચોથો શબ્દ લખો.**

૧) વાયરો : પવન : : નગ : ------------

૨) મત્ય : માછલી : : મહેરામણ : -----------

૩) ઉર્જા : શક્તિ : : કક્ષા : -------------

૪) ધરા : પૃથ્વી : : અહન : -------------

* **અયોગ્ય શબ્દ શોધીને લખો.**

૧) અરવિંદ, સરોજ, રાજીવ, શ્યામ

૨) દવાન્ત, તમ, સાદ, તિમિર

૩) ભાલ, ઉત્પલ, લલાટ, અલીક

૪) શબનમ, દ્રુમ, પાદપ, તરુ

* **ગદ્યખંડ વાંચી શબ્દો લખો.**

૧) દારુણ = ☐ ૩) મહી = ☐

૨) નિરંકુશ × ☐ ૪) સાવધ × ☐

* **આપેલ શબ્દોને તેના યોગ્ય પાત્રમાં લખો.**

૧) ભયાનકતા ૨) વિનાશક ૩) કલ્પિત ૪) કાલ્પનિક







* **અભિવ્યક્તિ**

૧) વિજ્ઞાન શ્રાપ છે કે વરદાન એ વિશે તમારા વિચારો લખો.

૨) વિદ્યુતશક્તિથી આપણે ક્યા ક્યા કામ કરી શકીએ છીએ? તે વિશે લખો.

૩) વિદ્યુત ઉપકરણો વાપરતી વખતે લેવી પડતી સાવચેતી સમજાવો.

પાઠ- ૧૦

# ભીની માટી, કોરાં મન,

- જોસેફ મેકવાન

* **આકલન કૃતિ :-**

* **નીચેના વિધાનો પૂર્ણ કરો.**

૧) ઉતાવળા સો બાવરા ......
૨) બી.એ....એમ.એની તો
૩) ખાદ્ય શોધતી સિંહણ......
૪) તીર તાંકનારે........

અ) બહું ઊંચુ લક્ષ્ય રાખ્યું
બ) ધીરા સો ગંભીર
ક) ગાડા ભરાય
ડ) જંગલી જનાવરોમાંથી એકાદા એકલું પાડી દે.

* **યોગ્ય ક્રમમાં ગોઠવો.**

અ) એનો અર્થ એ જ કે આપણું કામ જરાક કપરું બન્યું.
બ) 'જરાક બેસ વિન્યા !'
ક) હવે તું વિચાર કર, આપણા સમાજમાં આવી ઊંચી લાયકાતવાળી કન્યાઓ કેટલી?
ડ) એમ  આમાં ઉતાવળ નહીં ચાલે.

* **નીચેના વિધાનો ખરાં છે કે ખોટા તે લખો.**

૧) રાકેશ આ ત્રીજી પંક્તિમાં આવે.
૨) વિનુ આની સામે કશો તર્ક ન કરી શક્યો.
૩) મને આવી બધી જ સમજણ પડે છે.
૪) આપણે આપણી રીતની સાદી-સીધી ઘરવટ્ટવાળી કન્યા જ શોધશું.

* **આકૃતિ પૂર્ણ કરો.**

૧) કહેવત -
૨) આપેલો દાખલો -
૩) અંજપો - કઈ વાતનો? -
૪) ચલણી નોટના દાખલાનો અર્થ -

**પાનું નં. ૧૧૧**
**[ જરાક બેસ વિન્યા !.............**
**...................... 'કેમ ચાલે?'' ]**

* **ખાલી જગ્યા પૂરો.**

૧) ઉતાવળા સો બાવરા ધીરા સો ______

૨) એનો અર્થ એ જ કે આપણું કામ જરાક ______ બન્યું.

૩) એનું મન ______ તો કરવાનું જ

૪) હવે આપણે જે કન્યા શોધીએ તે પેલા ______ ની હોવી જોઈએ.

* **વાક્યમાંથી અનુચિત શબ્દ શોધી અર્થપૂર્ણ વાક્ય લખો.**

૧) પણ એનું મન ઉતાવળ તો કરવાનું જ.

૨) વિનુ આની સામે કશો વિરોધ કરી ના શકયો.

૩) તીર ચલાવનારે બહુ ઊંચુ લક્ષ્ય રાખ્યું છે.

૪) એનો જ મને ગુસ્સો છે, એટલે તું જે કાંઈ કરે એ સમજી - વિચારીને કરજે !

## * શબ્દસંપત્તિ

* **આપેલ શબ્દના સમાનાર્થી શબ્દો ગદ્યખંડમાંથી શોધી લખો.**

૧) હય ૨) અનુમાન ૩) બાણ ૪) સમજ

* **એક જ શબ્દના બે જુદા જુદા અર્થ લખો.**

૧) તીર

૨) પટ

૩) પંક્તિ

* **આપેલા શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ વિધાન કરો.**

૧) સાદી સીધી આપણી ઘરવટ્ટવાળી રીતની શોધશું કન્યા જ આપણે.

૨) ના કરી તર્ક શક્યો વિનુ સામે કશો આની

૩) આવી ઊંચી કન્યાઓ લાયકાતવાળી કેટલી સમાજમાં આપણા?

૪) તમને પડતી ગમ ઝાઝી આવી નથી વાતોમાં.

*  **જોડકાં જોડો.**

| **વિશેષણ** | **જોડકાં** |
| --- | --- |
| ૧) શીલવતી | અ) ગમ |
| ૨) ઝાઝી | બ) નોટ |
| ૩) કપરુ | ક) કન્યા |
| ૪) ચલણી | ડ) કામ |

*  **આપેલા અક્ષર પરથી શબ્દ શોધી લખો.**




*  **કોઠો પૂર્ણ કરો.**




(ઘરવટ્ટ, ગંભીર, તપાસવું, જંગલી)

*  **અયોગ્ય શબ્દ છેકીને અલગથી લખો.**

૧) હય, અજ, અશ્વ, તોખાર

૨) ડાલામથ્થો, સિંહ, કુંજર, કેસરી

૩) નેમ, નિશાન, અનુસંધાન, લક્ષ્ય

૪) શીલ, શીળ, શીશ, ચારિત્ર્ય

*  **સહસંબંધ લખો.**

૧) બર : યોગ્ય : : ત્વરા : .............. ૩) જનાવર : પ્રાણી : : તજવીજ : .........

૨) કલા : કલાવતી : : શીલ : ............. ૪) ઊંચુ : નીચું : : સમજ : ...............

*  **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

૧) રૂઢ અર્થગંભીર ભાષા પ્રયોગ, લોકોકિત - ------------

૨) ઢોરને બાંધવાનું ગાળાવાળું દોરડું - ---------------

૩) નથી બળ જેમાં તે ---------------

૪) અવ્યવસ્થિત જૂથ કે સમુદાય - ---------------

૫) અડગ, નિશ્ચયી જે છે તે --------------

* **અભિવ્યક્તિ**

 ૧) રાકેશના લગ્નની બાબતે મનસુખભાઈએ વિનુને કેવી રીતે સમજાવ્યા?

 ૨) ''ઉતાવળા સો બાવરા ધીરા સો ગંભીર'' કહેવતના અર્થને સ્પષ્ટ કરતું ઉદા. આપો

 ૩) તમને ખબર હોય તેવી એકાદી કહેવત લખી, અર્થ સ્પષ્ટ કરો.

**પાઠ- ૧૧**

## અર્જુન વિષાદ યોગ....!

**- વિનોદ ભટ્ટ**

* **આકલન :-**

 * **આકૃતિ પૂર્ણ કરો.**




 * **નીચેના વિધાનો યોગ્યક્રમમાં ગોઠવો.**

૧) એમ વારંવાર કહીને અર્જુનને યુદ્ધ કરવા માટે પાનો ચડાવવા માંડ્યો.

૨) એમ કરવા પાછળનો એમનો હેતુ યુનિવર્સિટીના રીડર બનવાનો હતો.

૩) હું તારો સારથિ છું.

૪) તું તો ધર્મને માટે લડે છે.

 * **વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.**

૧) હે............ તમે કોણ છો?

 ૧) ગુરૂ  ૨) પ્રભુ  ૩) યાદવ  ૪) પાંડવ

૨) આ........... માં સ્વાર્થ વગર કોઈ જ કશું જ નથી કરતું

 ૧) વિશ્વમાં  ૨) યુદ્ધ ભૂમિમાં  ૩) સંગ્રામમાં  ૪) પૃથ્વીમાં

૩) તું.......... ને માટે લડે છે, ખુરસી માટે નહીં.

 ૧) દ્રૌપદી  ૨) જીત  ૩) ધર્મ  ૪) બદલો લેવા

૪) હે............ તું તો હસાવે છે.

 ૧) અર્જુન  ૨) કૃષ્ણ  ૩) યદુનંદન  ૪) પરંતપ

પાનું નં. ૧૧૮
[ હે સવ્યસાચી ............
...................''ના મિત્ર પણ ખરો....'']

* **મને ઓળખો.**

૧) હું ડાબા હાથે પણ બાણ છોડી શકું છું............

૨) હું યુદ્ધમાં અર્જુનનો સારથી છું....................

૩) હું કૌરવ-પાંડવોનો ગુરુ છું...................

૪) હું અર્જુનનું ધનુષ્ય છું................

* **આકૃતિ પૂર્ણ કરો.**




★ **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

૧) જે ડાબે હાથે પણ બાણ છોડી શકે છે તે.................

૨) જે ક્રિયામાં વસ્તુઓની લિલામી થાય છે તે .............

૩) જે વારંવાર પક્ષ બદલે છે તે .................

૪) જે રથ હાંકે છે તે ................

★ **નીચેના વિધાનો યોગ્ય સ્થાને લખો.**

૧) હે સવ્યસાચી, એ વાત તું નક્કી જાણે છે કે આ વિશ્વમાં સ્વાર્થ વગર કોઈ જ કશું જ નથી કરતું.

૨) હે હ્રષીકેશ, મારો આત્મા ડંખે છે.

૩) હે યાદવ, તમે કોણ છો?

૪) તું તો ધર્મ માટે લડ.

અર્જુન બોલે છે, શ્રીકૃષ્ણને કહે છે →
→ ૧
→ ૨

શ્રીકૃષ્ણ બોલે છે અર્જુનને કહે છે → ૧ / ૨

* **શબ્દસંપત્તિ કૃતિ**

ગદ્યમાં આવતાં શબ્દો કોષ્ટકમાંથી શોધીને લખો.

| | | | | |
|---|---|---|---|---|
| સ | વ્ય | દ | ષા | વિ |
| મ | દ | ર | કા | ર |
| વ | જી | ન | લો | ભ |
| દ | ખં | જ | વા | ળ |
| ચા | મ | વ | ડી | ગાં |

* **શબ્દ કોયડો પૂર્ણ કરો.**



ઊભી ચાવી.....

૧) લીલામી........(૩)

૩) સમજનું વિરોધી..... (૫)

૫) દ્વિતીય ..... (૨)

૭) એકનું એક ફરીથી ..... (૪)

૯) દુઃખ......(૩)

* **આડી ચાવી**

૨) કચ્છનું એક શહેર......... (૩)

૪) ડાબે હાથે પણ બાણ ચડાવી શકે તે........(૪)

૬) ભારતનો પડોશી દેશ..... (૨)

૮) દુઃખ, વસવસો.... (૨)

૧૦) રથ હાંકનાર.... (૩)

૧૧) સાપ કે ઉંદરનું ઘર...... (૨)

* **અયોગ્ય શબ્દ છેકી નાખે.**

૧) યાદવ ૨) ઋષિકેશ ૩) પરંતપ ૪) શ્રીકૃષ્ણ

૨) સિવાય, ૨) અવાજ, ૩) દલીલ ૪) મતપેઢી

* **જોડકાં જોડો.**

| | |
|---|---|
| ૧) ડાબુ | અ) પ્રયત્ન |
| ૨) હૃદય | બ) સવ્ય |
| ૩) ઉદ્દેશ | ક) અંતર |
| ૪) કોશિશ | ડ) હેતુ |

* **સહસંબંધ જોઈ યોગ્ય શબ્દ લખો.**

૧) વસ્ત્ર : કપડાં : : સ્થાન બદલવું : --------------

૨) હર્ષ : વિષાદ : : વિષ :--------------

૩) તુચ્છ : પામર : : લીલામી : --------------

૪) ડાહ્યો : ગાંડો : : સમજ : --------------

* **આકૃતિ પૂર્ણ કરો.**




(અર્જુન, માનવ, ગાંભીર્ય, ટોળું)

**અભિવ્યક્તિ**

૧) મહાભારતનો કોઈ પ્રેરક પ્રસંગ વર્ણવો.

૨) આત્મા ડંખતો નથી એમ શ્રીકૃષ્ણ અર્જુનને કઈ રીતે સમજાવે છે?

૩) તમારી ક્યારેય તમારા પરમ મિત્ર સાથે ગંભીર દલીલો થઈ છે એ વાતને યાદ કરી અહીં સંવાદ રૂપે લખો.

## પાઠ- ૧૨

## ડૉ. સ્વમાન ઝિંદાબાદ

**- ડૉ. ચંદ્રકાંત મહેતા**

* **આકલન :-**

* **અયોગ્ય શબ્દ છેકી નાખો.**

૧) છતાં દિવસે દિવસે બગડતા જતા સ્વમાનને સુધરવાના
સેવાયજ્ઞમાં/શ્રમયજ્ઞમાં સહભાગી થવા એણે છેલ્લે પોતાના હિતચિંતક પિતાની મદદ માંગી જોઈ.

૨) ત્યારે એક સજ્જન વ્યક્તિ પૃથ્વીલોક / મૃત્યુલોક ને મળે છે.

૩) આ જમાનામાં જીવવા માટે તદ્દ્ન અનફિટ / ફિટ છે.

૪) મેં સ્વમાનના સેવાયજ્ઞમાં જોડાઈને તેને હાથ / સાથ આપવાનું નક્કી કર્યું છે.

* **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે લખો.**

૧) પરંતુ હિતચિંતકોની સ્પર્ધામાં સૌના હાથ હેઠા પડ્યા.

૨) એક સજ્જન વ્યક્તિને ઘોર સ્વાર્થી બનાવવાનું મહાપાપ મારે નથી કરવું.

૩) આખરે હું જીતી ને સ્વમાન હાર્યો.

૪) સ્વમાનની જીવનસંગિની બનવાની પાત્રતા માટે સિદ્ધ કરી બતાવવાની છે.

* **આકૃતિ પૂર્ણ કરો.**

૧) સ્વમાનના પત્રે [ ] → [ ] મૂકી

૨) [ ] પારાવાર, [ ] અને [ ] કરે છે.

૩) ડૉ. [ ] મારે [ ] [ ] દખલ [ ] [ ]

૪) પરંતુ [ ] સ્પર્ધામાં [ ] [ ] હેઠા પડ્યાં.

**પાનુ નં. ૧૨૩**
**[ સ્વમાનના પત્રે એષણાને.................**
**...........................સ્વમાન ઝિંદાબાદ ]**

* **વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.**

૧) સ્વમાન આપણે સૌને મન.............

અ) પાગલ છે  બ) મૂર્ખ છે  ક) સજ્જન છે

૨) સ્વમાનનું સ્વમાન અને સ્વાવલંબન એ જ મારા જીવનનો..............

અ) મંત્ર રહેશે  બ) અર્ક રહેશે  ક) મર્મ રહેશે

૩) છેલ્લે પોતાના .................. પિતાની મદદ માંગી જોઈ.

અ) શુભચિંતક  બ) હિતચિંતક  ક) અહિતચિંતક

૪) સ્વમાનના પત્રે .............. ને હચમચાવી મૂકી

અ) સુજાતા  બ) મમ્મી  ક) એષણા

* **હું કોણ, મને ઓળખો.**

૧) મારા પત્રે એષણાને હચમચાવી મૂકી.--------------

૨) અમારી સ્પર્ધામાં સૌના હાથ હેઠા પડ્યા.--------------

૩) મને એષણાએ કહયું કે તે હારી અને સ્વમાન જીત્યો.--------------

૪) સ્વમાનનું સ્વમાન અને સ્વાવલંબન એ જ મારા જીવનનો મંત્ર રહેશે. --------------

* **શબ્દસંપત્તિ**
  * **ગદ્યખંડમાં આવતાં કોઈપણ ચાર રૂઢિપ્રયોગ શોધો.**
  * **ચારથી વધુ અક્ષરવાળા કોઈપણ ચાર શબ્દો ગદ્યખંડમાંથી શોધી લખો.**
  * **કોષ્ટક જોઈને જવાબ લખો.**

| | | | | |
|---|---|---|---|---|
| ર | મા | સા | શં | પ્ર |
| ણ | ગી | ક | ખ | મ |
| ક | રા | ર | ચ | હા |
| જ | શ્ર | વા | ક | પા |
| ર | મ | ખુ | ર | પ |

૧) ગદ્યખંડની બહારના શબ્દોની યાદી તૈયાર કરો.

૨) ગદ્યખંડમાં આવતા શબ્દોની યાદી તૈયાર કરો.

* **જોડકાં જોડો**

૧) અહન
૨) ધરા
૩) પાયમાલ
૪) ઇંતજાર
૫) નીચે
૬) સહાય

અ) પૃથ્વી
બ) હેઠા
ક) મદદ
ડ) પ્રશંસા
ઇ) દિવસ
ઈ) ખુવાર
ઉ) પ્રતીક્ષા

* **રૂઢિપ્રયોગને બાણ દ્વારા તેના યોગ્ય અર્થ સાથે જોડો.**

૧) બળાપો કાઢવો
૨) ખ્વાબમાં રહેવું.
૩) સાન ઠેકાણે લાવવી.
૪) બીડુ ઝડપવું.
૫) હાથ હેઠા પડવા.

અ) પ્રયત્નો સફળ જવા
બ) ભાવાવેશ સાથે વાતો કહેવી.
ક) પડકાર ઝીલવો.
ડ) સ્વપ્નો જોવા.
ઇ) અક્કલ ઠેકાણે લાવવી.

૩) **અયોગ્ય શબ્દ છેકી નાખો.**

૧) તદબીર, યુક્તિ, કરામત, તદાકાર

૨) પ્રશંસા, પ્રતીક્ષા, સ્તુતિ, વખાણ

૪) **નારી જાતિના શબ્દો લખો.**

૧) તપસ્વી ૨) તરુણ ૩) સાંઢ ૪) શિક્ષક

૫) **માગ્યા મુજબ લખો.**

૧) જેમાં 'યજ્ઞ' શબ્દ લાગ્યો છે તેવા શબ્દો ( ), ( )

૨) અગુજરાતી શબ્દો ◯ ◯

૩) 'વ્યક્તિને સંબોધી શકાય તેવા બે વિરોધી વિશેષણો ◯ ◯

૪) 'હોડ'ના બે સમાનાર્થી શબ્દો ◯ ◯

* **અભિવ્યક્તિ**

૧) તમારા જીવનનો પ્રામાણિકતાનો એકાદો પ્રસંગ લખો.

૨) તમે સ્વમાનની જગ્યાએ ડૉક્ટર હો તો શું કરો?

૩) 'માનવીને અભિમાન કરતાં સ્વમાન વધુ વ્હાલું કરવું જોઈએ.' વિધાનની યથાર્થતા ચર્ચો.

## પાઠ- ૧૩
# પશવો પાણીવાળો
**- ડૉ. પ્રવિણ દરજી**

* **આકલન :-**

* **આકૃતિ પૂર્ણ કરો.**

૧) પશવાનું પ્રિય ભોજન -



૨) [ ] ← માનવીને → એનું કામ [ ] હોય છે.

(વિશેષણ)

૩) પશવાની વાતોમાં → ૧) કોઈ વિશે ટીકા-ટિપ્પણ નહીં
→ [ ]
→ [ ]

* **નીચેની ઘટનાઓને યોગ્ય ક્રમમાં ગોઠવો.**

૧) એ એના કામમાં હોય ત્યારે એની મસ્તી ઔર હોય છે.

૨) આવું એ ઘણીવાર પેલી માલિકણને 'ચોપડી' દેતો સાંભળ્યો છે.

૩) અડોશી પડોશી એને ક્યારેક ખાવાનું આપી જાય.

૪) એની સાથે પણ એને અનેકવાર ઝઘડી પડતો જોયો છે.

* **નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

૧) પશવાને ક્યારેય રસોઈ બનાવવી પડતી જ નહીં.

૨) ક્યારેક ક્યાંકથી દૂધ લઈ આવે.

૩) એના મફતિયા સ્વભાવથી સહ કોઈ વાકેફ.

૪) પણ, એની વાતમાં કોઈની બગદોઈ નહી.

**પાનુ નં. ૧૨૭-૧૨૮**
**[ પરષોત્તમ જાતે જ .................**
**.......................નિંદારસ તો ક્યારેય નહી ]**

* **ખાલી જગ્યા પૂરો.**

૧) બપોરની ................વેળાએ શેરી લગભગ સૂતી હોય.

૨) મહેનત માનવીને એનું કામ જ આખું .............. હોય છે.

૩) .............. માંથી બધી જ ગતિવિધિ જોઈ શકાય.

૪) પરષોત્તમ ................ જાતે જ બનાવે.

* **અધૂરા વિધાન પૂર્ણ કરો.**

૧) એના સ્વમાની સ્વભાવથી સૌ વાકેફ એટલે ...................

૨) આવું આવું એ ઘણીવાર....................

* **આડા અવળા શબ્દોને વ્યવસ્થિત ગોઠવી અર્થપૂર્ણ વિધાન તૈયાર કરો.**

૧) મળે નહીં માનતાં રહેવાનું કંઈ તમારા ઘર એમ સિવાય બીજે.

૨) ક્યારેક ત્યારે આવે છારા કઢી લઈ હોય કયાંકથી.

* **આપેલા શબ્દના અર્થને ધ્યાનમાં લઈ તમારુ પોતાનું અન્ય વિધાન તૈયાર કરો.**

૧) ઉપકાર ૨) અડોશી-પડોશી

* **શબ્દસંપત્તિ :**

*** આપેલા શબ્દના અર્થને ધ્યાનમાં રાખી, તેના બે જુદા અર્થવાળા વિધાન તૈયાર કરો.**

શબ્દ ૧) ચોપડી

વિધાન ૧ ------------------------------------------------

વિધાન ૨ ------------------------------------------------

શબ્દ ૨) જાતે

વિધાન ૧ ------------------------------------------------

વિધાન ૨ ------------------------------------------------

શબ્દ ૩) માનતાં

વિધાન ૧ -----------------------------------------------

વિધાન ૨ -----------------------------------------------

શબ્દ ૪) છાયા

વિધાન ૧ -----------------------------------------------

વિધાન ૨ -----------------------------------------------

શબ્દ ૫) માનવી

વિધાન ૧ -----------------------------------------------

વિધાન ૨ -----------------------------------------------

શબ્દ ૬) પેલો

વિધાન ૧ -----------------------------------------------

વિધાન ૨ -----------------------------------------------

* **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

૧) ઘર કે મકાનની આગળનો ઓસરી જેવો ભાગ................

૨) ખુલ્લી જમીનની હદ બાંધતી કાંટા, તાર વગેરેની આડ............

૩) થી પરિચિત, કે નું જાણકાર..........

૪) કામ કે કોઈ પ્રવૃત્તિ વિનાનું, નિષ્ક્રિય હોય તેવો માણસ................

૫) ધાતુનું મોટું, રાંધવાનું વાસણ............

* **જોડકાં જોડો.**

| | |
|---|---|
| ૧) ઉપકાર | અ) નાકામ |
| ૨) નવરો | બ) અપકાર |
| ૩) નિંદા | ક) સક્રિય |
| ૪) કામ | ડ) સ્તુતિ |

* **આકૃતિ પૂર્ણ કરો.**



ઉભી

૧) સ્વામીનો સમાનાર્થી શબ્દ

આડી

૧) ‘માણસ’ માટે વપરાયેલ શબ્દ

*　**માગ્યા મુજબ કરો.**

૧) 'ઘર' શબ્દને ધ્યાનમાં લઈ તે પરથી બે રૂઢિપ્રયોગ બનાવો.

૨) 'વાર' શબ્દ જેને અંતે છે એવા બે શબ્દો ગદ્યખંડમાંથી શોધી લખો.

૩) 'હાથ' શબ્દ જેમાં આવતો હોય તેવી બે કહેવત લખો.

*　**શબ્દભેદ લખો.**

૧) ઓર - 　　૨) પાણી - 　　૩) જાત - 　　૪) વારિ -
ઑર - 　　પાણિ - 　　જાતે - 　　વારી -

*　**આપેલા શબ્દ પરથી અન્ય અર્થવાળો શબ્દ તૈયાર કરો.**

૧) મરજી 　　૨) વાડ 　　૩) પ્રિય 　　૪) પરસેવો

*　**નીચે આપેલા શબ્દના લાલિત્યવાચક નામ તૈયાર કરો.**

૧) દેગ 　　૨) છાયા 　　૩) જીભ 　　૪) મફત

*　**નીચે આપેલા કોષ્ટકમાં ગદ્યખંડના શબ્દો શોધી લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ | મ | હ | ર | ખ | પ |
| ઝ | ક | દ | જ | ર | ભા |
| ત | ર | ત | સે | મા | ર્ગ |
| ટી | કાં | વે | ન | ર | વ |
| કો | છે | વી | પ | હે | લ |
| દે | ગ | ડો | શી | મા | મ |

## અભિવ્યક્તિ

૧) પશવો-પાણીવાળો - આ કૃતિમાં પશવાનું પાત્ર તમને પ્રિય છે કે અપ્રિય....? સવિસ્તાર સમજાવો.

૨) તમે કોઈ સ્વમાની વ્યક્તિના પરિચયમાં આવ્યા હોવ તેની જાણકારી સવિસ્તાર આપો.

૩) પરસોત્તમ સ્વમાની સ્વભાવનો હતો તેમ કેમ કહી શકાય? સમજાવો.

## પાઠ- ૧૪

# સદ્ભાવનાનું મૂલ્ય ઓછું ન આંકો

**- સોનલ પરીખ**

* **આકલન :-**

*　**આકૃતિ પૂર્ણ કરો.**

૧) હું શીખ્યો કે



- **નીચેના વિધાનોમાંથી અયોગ્ય શબ્દ છેકી અર્થપૂર્ણ વિધાન તૈયાર કરો.**

  ૧) બે પખવાડિયાં / અઠવાડિયાં પછી એમીનો ફોન આવ્યો.

  ૨) એમીના પિતા / માતા તેને સ્ટેજ પર દોરી લાવ્યા.

  ૩) ડૉક્ટરોએ તેને રજા / દવા આપી.

  ૪) તમે સૌ તમારી જીવનશક્તિ / આર્થિક શક્તિને તેના તરફ વહાવવા કોશિશ કરો.

- **ચોકઠામાં યોગ્ય શબ્દ લખો.**




| |
|---|
| **પાનું નં. ૧૩૩** |
| **[ આજે હું એક................** |
| **..................... ઉપયોગ કરતાં થવાનું છે. ]** |

- **વિકલ્પ શોધી જવાબ લખો.**

  ૧) તેની અંતિમ ઇચ્છા.................

  ૧) ડૉક્ટરને મળવાની હતી ૨) દેશસેવા કરવાની હતી ૩) આ સેમીનારમાં ભાગ લેવાની હતી

  ૨) આ શક્તિ લઈને આપણે સૌ .............

  ૧) જન્મ્યા છીએ ૨) જગતમાં આવ્યા છીએ ૩) અહીંથી જવાના છીએ

- **નીચેના અપૂર્ણ વિધાનો પૂર્ણ કરો.**

  ૧) આ સેમિનાર બે અઠવાડિયાં પહેલા હોત તો................

  ૨) આમ કરવાનું મને અત્યારે જ સૂઝયું અને ...............

- **નીચેના વિધાનોને ધ્યાનથી વાંચી, તેમાં રહેલ અયોગ્ય શબ્દને સુધારી અર્થપૂર્ણ વાક્ય લખો.**

  ૧) એમીના પિતા તેને સ્ટેજ પર ખેંચી લાવ્યા.

  ૨) તમે સૌ તમારી જીવન શક્તિને તેના તરફ વહાવવા રકઝક કરો.

  ૩) ત્યાર પછી બધાએ ઊભા થઈ પુષ્પોની પાંખડીઓ સાથે તાળીઓના ગડગડાટથી એમીની હાજરીને વધાવી લીધી.

  ૪) આમ કરવાનું મને અત્યારે જ લાગ્યું.

* **શબ્દસંપત્તિ કૃતિ**

**૧) અયોગ્ય શબ્દ છેકી નાખો.**

૧) સ્ટેજ, સેમિનાર, આંખ, ફોન

૨) કિમોથેરેપી, કસરત, રોગ, શ્રમ

* **આકૃતિ પૂર્ણ કરો.**

૧) 'વશ લાગેલા શબ્દ → [ ] → [ ] → [ ]

૨) 'શ્રમ' પરથી બનતાં શબ્દો → [ ] → [ ] → [ ]

૩) 'સદ્' પ્રત્યય લગાડી બનતા શબ્દો → [ ] → [ ] → [ ]

૪) 'આંતર' પરથી બનતા શબ્દો → [ ] → [ ] → [ ]

* **જોડકાં જોડો**

| | |
|---|---|
| ૧) અંતિમ | અ) શ્રેષ્ઠ |
| ૨) ઉત્તમ | બ) સ્મરણ |
| ૩) અભિભાષા | ક) છેલ્લી |
| ૪) યાદ | ડ) ઇચ્છા |

* **સહસંબંધને આધારે ચોથો શબ્દ લખો.**

૧) સ્ટેજ = મંચ : : ફોન : ..................

૨) તરુણી × વૃદ્ધા : : તુચ્છ × ...............

૩) સ્તબ્ધ = નવાઈ : : ચિકિત્સા : ..............

૪) પથારી : પથારીવશ : : પર : .................

* **શબ્દ કોષ્ટકમાંથી 'આંખ'ના સમાનાર્થી શબ્દો શોધી લખો.**

| | | | |
|---|---|---|---|
| અ | ન | ચ | લો |
| ય | ક્ષિ | ક્ષુ | ભ |
| ત્ર | ને | ગ | ય |
| પ | ણ | ડ | દ |

* **ગદ્યખંડમાં જોઈ અયોગ્ય જોડણી સુધારો.**

  ૧) પ્રતિક્ષા  ૨) ઊગ્રતા  ૩) સુઝ્યું  ૪) કોશીશ

* **યોગ્ય વિશેષણ લગાવો.**

  ૧) ______ અઠવાડિયાં  ૩) ______ ઇચ્છા

  ૨) ______ પરિણામો  ૪) ______ વર્ષની તરુણી

* **ગદ્યખંડમાંથી વિરુદ્ધ અર્થવાળા શબ્દો શોધો.**

  ૧) મંદ × .............. ૨) વધુ × ................. ૩) અનિચ્છા × ................

  ૪) દુરુપયોગ × ................ ૫) દુર્ભાવ × .............. ૬) વૃદ્ધા × ..................

  ૭) ગેરહાજર × ................. ૮) જરૂર × .............. ૯) થોડાં × .................

  ૧૦) મૃત્યુ × .......................

* **અભિવ્યક્તિ**

  ૧) 'તમે સૌ તમારા જીવનની શક્તિને તેના તરફ વહાવવા કોશિશ કરો.' એ વિધાનનો ભાવ સ્પષ્ટ કરો.

  ૨) સદ્ભાવનું મૂલ્ય ઓછું નહીં આંકવાનું લેખક શા માટે કહે છે?

  ૩) તમે કોઈ રોગીની સેવા કરી હોય તે પ્રસંગનું વર્ણન કરો.

  ૪) 'જનસેવા - એ જ પ્રભુસેવા' સ્પષ્ટ કરો.

# વિભાગ-૩ વિશેષવાચન

## પાઠ- ૧
## મતું મારે માવજીભાઈ !
**- ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી**

* **આકલન :-**

* **આકૃતિ પૂર્ણ કરો.**




**પાનુ નં ૧૩૯**
['ના બાપુ ! .................
.................. પાછુ વળીનેય ન જુએ ! ]

* **અભિવ્યક્તિ :**

→ આપેલા ગદ્યાંશની આગળના ભાગમાં જે ઘટના બની તેનું વર્ણન કરો.

→ આપેલા ગદ્યખંડમાં માવજીભાઈ અને બાપુ વચ્ચે થયેલો સંવાદ લખો.

→ માવજીભાઈએ દેવીપ્રસાદને નોકરી પેટે જે કંઈ અપાવ્યું તે લાગવગ કે ચાલાકીથી અપાવ્યું છે, જે આપને યોગ્ય લાગતું નથી તે અંગે દેવીપ્રસાદે કૌશલ્યના બળ પર કઈ રીતે આ બધું મેળવવું જોઈએ?

## પાઠ- ૨
## એક જબરદસ્ત સાહસ
**- રમણલાલ સોની**

* **આકલન :-**



* **મને ઓળખો**

૧) હું જાપાનની એક રમત છું..................

૨) માટે માટે ઝાડ પર ચઢવાની આ પહેલી અને છેલ્લી મજા હતી ................

૩) હું યાસુકી-ચાન સાથે ઝાડ પર છું ................

૪) હું યાસુકી-ચાન અને તોતો ચાનનું રાષ્ટ્ર છું ................

**પાનુ નં ૧૪૩**
[‘એ બંને ખાસ્સો સમય.............
....................... છેલ્લી મજા હતી ]

* **અભિવ્યક્તિ :**

૧) ગદ્યાંશવાંચી યાસુકી-ચાન અને તોત્તોચાન વચ્ચેનો વાર્તાલાપ લખો.

૨) ધારો કે યાસુકી-ચાનના ઘરે ટેલિવિઝન આવ્યું, તો તે પછી તેને થયેલ રોમાંચ વર્ણવો.

૩) લેખકે ગદ્યખંડમાં રજૂ કરેલ ઘટના ને બદલે તમે એ બંને મિત્રો માટે જુદી જ એક ઘટના કલ્પી વાર્તા લખો.

**પાઠ- ૩**

## લીલા લીમડાની એક ડાળ મીઠી

**- જયંતી દલાલ**

* **આકલન :-**

* **યોગ્ય રીતે જોડો.**

| (અ) | (બ) |
|---|---|
| મીઠી | લીમડો |
| અવળી | ડાળ |
| કડવો | રણછોડ |
| રંગીલા | મતિ |

* **ઘટનાક્રમ મુજબ ગોઠવો.**

૧) પેલી ડાળ કેવી ઝળાં હળાં થતી હતી !

૨) કરસન પટેલ પોતે પણ હસ્યા.

૩) રાતે મને પેલી ડાળ મીઠો હશે એમ જ લાગ્યું.

૪) એક એક ડાળની ડાંખળી ચાખી

* **મને ઓળખો.**

૧) લીમડે ચડનાર -------------

૨) ખડખડ હસનાર --------------

૩) મોટેથી ગાનાર ----------------

૪) બિલકુલ ન હસનાર --------------

> **પાનુ નં ૧૪૬**
> ['હોવે, એક એક ડાળખી...........
> ..............................સૂઝ ન પડી. ]

* **અભિવ્યક્તિ :**

૧) કરસન પટેલનું કૃત્ય જોઈ રહેલા ટોળે મળેલા લોકો વચ્ચેનો સંવાદ તમારા શબ્દોમાં લખો.

૨) કરસન પટેલના કૃત્ય સાથે તમે સહમત નથી, એ ધ્યાનમાં રાખી તમે કરસન પટેલ માટે અલગથી પ્રભુદર્શનના લાભનો પ્રસંગ લખો.

૩) આપેલા ગદ્યાંશના આશયને ન બદલતા તમે આના જેવી જ બીજી વાર્તા લખો.

**પાઠ- ૪**

## ચીતરેલી દીવાલો

**- પન્નાલાલ પટેલ**

* **આકલન કૃતિ :-**

* **કોણ કયાં / કઈ તરફ પ્રસ્થાન કરી રહ્યું છે?**

સૂર્ય → 

ઢોર → 

ગોવાળ → 

જુવાન છોકરો → 

* **કોણ તે લખો.**

૧) લાંબી નજરે જોનાર ---------------

૨) શાળાંત પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર ---------------

૩) ફાળિયાં ને કેડિયાં પહેરનાર -------------------

૪) પાઠના લેખક ----------------

**પાનુ નં ૧૪૭**

[‘ઉનાળાનો સૂર્ય.............

..........................કાં તો મારે જ ઘરે જવાના ]

* **અભિવ્યક્તિ :**

૧) ગદ્યખંડને વાંચી આગળની વાર્તા તમારા શબ્દોમાં લખો.

૨) ગદ્યખંડના પાત્રોને ધ્યાનમાં લઈ, આપેલા ગદ્યખંડને સંવાદ સ્વરૂપે લખો.

૩) ગદ્યખંડ જેવી જ એક અન્ય વાર્તામાં સાંજનું વર્ણન લખો.

## પાઠ– ૫

# તીડા જોશીનું ટપટપ

**- જોરાવરસિંહ જાદવ**

* **આકલન :-**

* **આપેલા શબ્દોને યોગ્ય સ્થાને લખો.**

૧) ( ) તીડો

૨) રાંગડો ( )

૩) [ ] પાઘડી

૪) ઊનાં ઊનાં [ ]

(રોટલા, બળદ, હરખપદુડો, ચકરી ઘાટની)

* **આકૃતિ પૂર્ણ કરો.**

ગદ્યખંડમાં આવતા ગણિતના આંકડા

* **નીચેના વિધાનો પૂર્ણ કરો.**

૧) મધરસ્તે જતાં એણે.................

૨) સાસુએ બાજરાના ....................

૩) તીડાંના સાસુ-સસરા તો જમાઈની..................

૪) ખભે ખડિયો મૂકી ..............

* **ગદ્યખંડમાંથી શબ્દ શોધી લખો.**

૧) ઘણાં ખાનાવાળી ઝોળી..................

૨) જમતી વખતે દાળ-શાક લેવાનું વાસણ............

૩) પુરુષે માથે બાંધવાનું વસ્ત્ર કે પોશાક ....................

૪) ખેતર, ગામ ઈત્યાદિની હદ .............................

**પાનુ નં ૧૫૪-૧૫૫**
[પરણ્યાને પૂરાં....................
.................................વાંઢી ગયા ]

* **અભિવ્યક્તિ :**

૧) તીડા જોશી અને તેના સાસુ-સસરા વચ્ચેનો જમવા પૂર્વેનો સંવાદ લખો.

૨) તીડાની જમી લીધા પછીની વાર્તા આગળ લખો.

૩) તમારા ઘરે જમવા આવેલા તીડા જેવા ચતુર વ્યક્તિની આવી જ કોઈ વાત તમારા શબ્દમાં લખો.

# વિભાગ-૪ વ્યાકરણ

## સમાસ

**અ) નીચે આપેલા સમાસના વિગ્રહની જોડી બનાવો.**

| (અ) | (બ) |
|---|---|
| ક) ૧) જીવન શક્તિ | ૧) નથી ભાવ જેમાં તે |
| ૨) અભાવ | ૨) દરદાગીના વગેરે |
| ૩) દરદાગીના | ૩) હિતદર્શાવતા વચનો |
| ૪) હિતવચન | ૪) જીવન જીવવાની શક્તિ |

| (અ) | (બ) |
|---|---|
| ખ) ૧) અસ્થિર | ૧) સાજા કે માંદા |
| ૨) એકતારો | ૨) છ માસ (મહિના) નો સમૂહ |
| ૩) ખટમાસ | ૩) એક છે તાર જેમાં તે વાજીંત્ર |
| ૪) સાજામાંદા | ૪) નથી સ્થિર જે તે |

**બ) નીચે આપેલ સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો.**

ક) ૧) શ્વેતાંબર   ૨) અડવાડિયું   ૩) રાહતસંસ્થા   ૪) કૃતાર્થ

ખ) ૧) વૃન્દાવન   ૨) નાનામોટા   ૩) આડોશપાડોશ   ૪) મિથ્યાભિમાની

**ક) આપેલ વિગ્રહ પરથી સમાસ ઓળખો.**

અ) ૧) નિર્દોષ - નથી દોષ જેનો તે .................

૨) ચોતરફ - ચારે તરફ ..................

૩) હારજીત - હાર કે જીત ...............

૪) કલંક કથા - કલંક દર્શાવતી કથા ..................

| બ) સમાસ | વિગ્રહ | પ્રકાર |
|---|---|---|
| ૧) દિવસરાત | દિવસ અને રાત | ................... |
| ૨) સજ્જન | સારો જન | ................... |
| ૩) પ્રયોગશાળા | પ્રયોગો કરવાની શાળા(ખંડ) | .................. |
| ૪) નિર્ધન | નિર્ગત છે ધન જેનું તે | .................. |

**ક) આપેલા સમાસનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

૧) નગરપતિ

૧) નગરમાં વસતો પતિ

૨) નગરનો જે અધિપતિ છે તે

૩) નગર અને પતિ

૪) નગરના પતિ

૨) બેડ-બિસ્તર

૧) બેડ પર નાખેલું બિસ્તર
૨) બેડનું બિસ્તર
૩) બેડ-બિસ્તર વગેરે
૪) જે બેડ પર બિસ્તર નાખ્યું છે તે

**ઇ) નીચે આપેલા સમાસના અયોગ્ય વિગ્રહનો યોગ્ય વિગ્રહ કરો.**

અ) ૧) અનાથ - નથી નાથ નથી.
૨) બટાટા પૌવા - બટાટા વગરના પૌંવા.
૩) આઠ-દસ - આઠ અને દસ.
૪) નિર્મળ - નિર્ગત છે મળ જે તે.

ઈ) ૧) ઘરબહાર - ઘરમાં આવતી બહાર (વસંત).
૨) અદીઠડા - ખૂબ જ દેખાવવાળી હોય તે.
૩) કર્મયોગ - કર્મ કરવાનો યોગ.
૪) નીરતીર - નીર અને તીર.

## અલંકાર

**અ) આપેલ પંક્તિ કે વિધાનનો અલંકાર ઓળખો.**

અ) ૧) દિવ્ય દીપ્તિથી દીપતો.
૨) પણ આ તો પથ્થર પર પાણી જેવું.
૩) આપને તારા અંતરનો એક તાર.
૪) જાણે ગગનઘન ગાજીયો.

બ) ૧) પાવાને ટોડલે મા'કાળી મૈયા;
ડગલે ને ડુંગરે ભર દેતી હૈયા.
૨) રૂડીને રઢિયાળી રે કહાના ! તારી વાંસળી રે !
૩) ગાડી તળે શ્વાન ગતિ કરીને ફૂલાય છે, ફૂલ વૃથા ઘટીને.
૪) અંધારામાં પૂંજો જાણે કે ઓગળી ગયો.

**બ) કોયડામાં છૂપાયેલ અલંકાર ઓળખો.**

૧)




૨)

| | | | | |
|---|---|---|---|---|
| સ | વ | પ | ય | સ |
| પ્રા | ર્ણા | ઉ | ક | અ |
| નુ | નુ | રૂ | ત્પ્રે | લં |
| બ્દા | પ્રા | ત્યા | મ | ક્ષા |
| શ | સ | ર | અં | કા |

**ડ) અલંકાર અને તેની વિશિષ્ટતાના જોડકાં જોડો.**

| | **અલંકાર (અ)** | **વિશિષ્ટતા (બ)** |
|---|---|---|
| અ) | ૧) ઉપમા અલંકાર | અ) એકના એક વર્ણની પુનરાવૃત્તિ. |
| | ૨) વર્ણાનુપ્રાસ અલંકાર | બ) નિર્જીવ વસ્તુને સજીવ બતાવવી. |
| | ૩) શબ્દાનુપ્રાસ અલંકાર | ક) ઉપમાસૂચક શબ્દો દ્વારા તુલના. |
| | ૪) સજીવારોપણ અલંકાર | ડ) એક શબ્દના નાદની પુનરાવૃતિ. |

| | **અલંકાર (અ)** | **વિશિષ્ટતા (બ)** |
|---|---|---|
| બ) | ૧) શબ્દાનુપ્રાસ અલંકાર | અ) ઉપમાસૂચક શબ્દો વિના તુલના. |
| | ૨) ઉત્પ્રેક્ષા અલંકાર | બ) એકના એક વર્ણની પુનરાવૃતિ. |
| | ૩) વર્ણાનુપ્રાસ અલંકાર | ક) જાણે, શકે, રખે જેવા શબ્દોથી ઓળખ. |
| | ૪) રૂપક અલંકાર | ડ) એક શબ્દના સમાન નાદની પુનરાવૃતિ. |

**ક) આપેલા અલંકાર માટેના દ્દષ્ટાંત લખો.**

અ) ૧) ઉપમા અલંકાર　　　　૨) વર્ણસગાઇ અલંકાર

બ) ૧) શબ્દાનુપ્રાસ અલંકાર　　　　૨) ઉત્પ્રેક્ષા અલંકાર

**ઇ) આપેલા અલંકાર ખરાં છે કે ખોટાં તે લખો.**

અ) ૧) ગુજરાત એ બળવાનો પહેલો બલિ બનવાનું હતું.
(વર્ણનુપ્રાસ અલંકાર) (----)

૨) પણ આ તો પથ્થર પર પાણી જેવું છે.
(ઉપમા અલંકાર) (----)

૩) સુણજે આટલો આદ્ર પોકાર.
(અંત્યાનુપ્રાસ અલંકાર) (----)

૪) લેવી નાના પાસથી પણ ચાતુરીની વારતા;
પતે કજિયો ઘરમેળે કાજી પાસે ન જતા (----)
(રૂપક અલંકાર)

બ) ૧) મેલો મેલો પાતળિયા કહાન;
(ઉપમા અલંકાર) (----)

૨) જે થાય સ્વાધીન ક્રોધને તે આંધળા સમ માનવો.
(રૂપક અલંકાર) (----)

૩) સ્વાતંત્ર્ય સૂરજ ઝળહળ્યો.
(રૂપક અલંકાર) (----)

૪) ગ્રંથ ગરબડ કરી, વાત ન કરી ખરી.
(શબ્દાનુપ્રાસ અલંકાર) (----)

## વિરામચિહ્ન

**અ) નીચે આપેલા વિરામચિહ્નોના નામ લખો.**

અ) ૧) :　　૨) ’　　૩) ★　　૪) ,

બ) ૧) !　　૨) .　　૩) -　　૪) (　)

**બ) ૧) લેખનમાં વપરાતા વિરામચિહ્નોના ગુજરાતી નામ લખો.**

૧) બ્રેકેટ - ------------ ૩) ડેશ - ------------

૨) કોમા - ----------- ૪) ક્વેચન માર્ક - -----------

**૨) વિરામ ચિહ્નોના જોડકાં જોડો.**

| | |
|---|---|
| ૧) અર્ધવિરામ ; | અ) એપોસ્ટ્રોફિ |
| ૨) ગુરૂરેખા - - | બ) કેરેટ |
| ૩) લોપચિહ્ન | ક) સેમિકોલન |
| ૪) કાકપદ - ^ | ડ) ડેશ |

**ક) નીચે આપેલ વિધાનમાં યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી વિધાન ફરીથી લખો.**

૧) ભાઈ મારું આટલું કહ્યું માનો

૨) તે બોલી હું પરીક્ષામાં પાસ થવાની છું

૩) ના જી નહીં પડે આપને માથે

૪) શું જોઈએ છે મા ક્યાંથી આવો છો. મારું શું કામ પડયું.

**ડ) વિધાન/પંક્તિમાંના વિરામચિહ્નો ઓળખી, તે ચિહ્નોનો અન્ય વિધાન/પંક્તિમાં ઉપયોગ કરે.**

૧) ''તો આલશો? તમારા ગામના બામણ સોમા મથુર પર અમારે ચિઠ્ઠી લખવી છે.''

૨) ''કૅન્સરની ગાંઠ હોય ખરી?'' જીવણલાલે ડૉક્ટરને સીધો સવાલ કર્યો''

૩) ''હજી તો ટપાલેય નથી આવી ને ક્યાંથી આવ્યું આ !''

૪) દર્શકો બોલી ઊઠ્યા, હા.' 'જરૂર'. 'હા'. 'જરૂર'

**ઇ) અયોગ્ય વિરામચિહ્નો શોધી તેના સ્થાને યોગ્ય વિરામચિહ્નો ઉપયોગ કરી વિધાન/પંક્તિ લખો.**

૧) 'દામ કયા દેના હૈ?'

૨) ''અભય, રહેવા દે ! સાચા મિત્ર સ્નેહને ન કર.''

૩) 'જશે જ? નહિ ચાલે?''

૪) ''હજી આમાં ગમ ના પડે એવું છે શું? છેક બેંગલોર જે લોક પહોંચ્યા એ એમની આવી જ મંશાને કારણે !''

**ઈ) આપેલા ચોકઠામાં યોગ્ય વિરામચિહ્ન લખો.**

૧) ☐કુણ સે તું ☐ ઘોડાની પીઠ પરથી ફરીથી સવાલ આવ્યો.

૨) ☐ત્યારે કોને માથે પડશે☐આંકડાવાળા મૂકી દેવાના હતા

૩) ☐ અરે ☐ આ તો અઢાર જ અધ્યાય તને મેં કહ્યા છે
હજુ બીજા અઢાર બાકી છે ☐અને આગળ સાંભળ
ઓગણીસમો અધ્યાય☐

૪) માલતીએ કહ્યું☐ ☐પણ ☐ થયું છે શું એ તો કહો☐

**ઈ) કૌસમાં આપેલા વિરામચિહ્નનો નીચેના વિધાનમાં ઉપયોગ કરી વિધાન ફરીથી લખો.**

(. ' ! ? '' '' - ^ ★)

૧) અહીંથી તું પાછો ફરી જા. મારો બોલ રાખ.

૨) બચુભાઈ રણ પીશો કે એવું પ્રેમથી કહે
૩) અરે ભાઈસાબ તો તો મારું ગુજરાન કેમ ચાલે. મારે ત્યાં ચાર છોકરાં છે.
૪) અરે ભૂંડી આટલુંય દેખાતું નથી.

## શબ્દસંપતિ

**અ) નીચેના જોડકાં જોડો. (સમાનાર્થી શબ્દ - વિરોધી શબ્દ)**

a) ૧) વંદન — અ) વનરાજ
૨) સાપ — બ) દિન
૩) દિવસ — ક) નમન
૪) સિંહ — ડ) સર્પ

b) ૧) દુર્ગતિ — અ) અનાદર
૨) સંદિગ્ધ — બ) પરોક્ષ
૩) આદર — ક) સદ્ગતિ
૪) પ્રત્યક્ષ — ડ) અસંદિગ્ધ

**બ) યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.**

૧) 'મહાન'નો વિરોધી શબ્દ - ------------
૧) તુચ્છ ૨) ભક્ષ ૩) નિર્બળ

૨) 'સદન' નો સમાનાર્થી શબ્દ -----------
૧) કનક ૨) ભવન ૩) સુત

**ક) નીચેના જોડકાં જોડો**

૧) મહેશ — અ) પરમ + ઐશ્વર્ય
૨) અન્વેષણ — બ) એક + એક
૩) પરમૈશ્વર્ય — ક) મહા + ઇશ
૪) એકેક — ડ) અનુ + એષણ

**ડ) યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.**

સંધિ : ૧) મહૌષધિ - શબ્દની સંધિ
૧) મહા + ઔષધિ ૨) મ + ઔષધિ ૩) મહા + ઓષધિ
૨) પિત્રર્થક
૧) પિતૃ + અર્થક ૨) પિત્રુ + ર્થક ૩) પિતૃર્થ + અક

**ઈ) શબ્દભેદ લખો.**

૧) દિન - -------- ૨) જળ - ----------
દીન - -------- જડ -

## રૂઢિપ્રયોગો

**અ) નીચે આપેલા રૂઢિપ્રયોગોનો વાક્યમાં ઉપયોગ કરો.**

a) ૧) કૃતાર્થ કરવું — ૩) સાડાબારી ન રાખવી
૨) મોખરે રહેવું — ૪) ખુશામત કરવી

b) ૧) આંગળી ચીંધવી　　３) પાછી પાની ન કરવી
２) ગાંઠ વાળવી　　４) છાતી બેસી જવી

**બ) રૂઢિપ્રયોગના અર્થ સાથે જોડકાં જોડો.**

a) ૧) ઓશિયાળા થવું　　આ) કોઈની કમજોરી જાણવી
２) કમર કસવી　　આ) બોલવાની હિંમત રાખવી
３) નબળી રગ હાથ આવવી　　ઇ) નિરાધાર થવું
૪) જીભ ઉપડવી　　ઈ) કાર્ય માટે તૈયાર થવું

b) ૧) ફાંફાં મારવા　　અ) ઉદાર હોવું
２) મોટા પેટના હોવું　　બ) માન પ્રતિષ્ઠા જાળવવી
３) કોલ આપવો　　ક) વ્યર્થ પ્રયત્નો કરવા
૪) આબરુ સાચવવી　　ડ) વચન આપવું

**ક) વિધાનમાંથી રૂઢિપ્રયોગ ઓળખી તેનો અન્ય વિધાનમાં ઉપયોગ કરો.**

૧) વહુએ પડોશમાં વ્યવહાર શરૂ કરી નવો ધારો પાડ્યો.
૨) આખરે માનચતુરે ગુણસુંદરીનો સંસાર ચીલે પાડ્યો.
૩) મનસુખલાલ માસ્તરની ઢળતી વયે આંખ મીંચાઈ ગઈ
૪) રામના પિતાના મૃત્યુ પછી શામ તેને દિલાસો આપવા ગયો.

**ડ) વિધાનમાં યોગ્ય રૂઢિપ્રયોગનો ઉપયોગ કરો.**

૧) ગુજરાત અમદાવાદની ગલીગલીની ધૂળે રવિશંકર મહારાજને .....................
અ) પંકાતા કરી દીધા　　બ) ગમ ન પડતી
ક) સારુ વાળી લીધું　　ડ) તાકીદ આપી દીધી

૨) મનસુખલાલ ગામવાળાઓને પોતાની કથની કરતાં હતા ત્યારે
અ) હાથથી ખોઈ બેઠા　　બ) જોર જોરથી આક્રંદ કરવા લાગ્યા
ક) ગળગળા થઈ ગયા　　ડ) બરડો ભાંગી નાખ્યો

૩) કૌરવોની સેના જોઈ કુરુક્ષેત્રમાં અર્જુનને ............
અ) ધીરજ ખૂટવા મંડી.　　ક) લજ્જિત થઈ ગયા.
બ) તમ્મર આવી ગયા.　　ડ) લ્યાનત વરસાવવાનું મન થયું.

૪) ગાંધીના બહારવટિયા - રવિશંકર મહારાજને જોઈ
ટોળીના બહારવટિયા અંદરઅંદર .................
અ) સંતલસ કરવા લાગ્યા　　બ) ગમ ખાવા લાગ્યા
ક) ઇજ્જત બચાવવા ભાગ્યા　　ડ) બાન લેવા તૈયાર થયા

**ઇ) રૂઢિપ્રયોગનો વિધાનમાં ઉપયોગ કરી વિધાન પૂર્ણ કરો.**

૧) કૅન્સરગ્રસ્ત તરુણીને રોગમુક્ત થયેલી જોઈ લેખક .............. થઈ ગયા.
૨) લેખકે એક હાથમાં ભરેલો ઘડો લટકતો રાખીને દેગડો ખભા ઉપર મૂકીને પશાને .................. થતો જોયો.
૩) ગીતાનો અઢારમો મોક્ષ સંન્યાસ યોગ પૂરો થતાં તો અર્જુનને .............આવી ગયાં.
૪) અફઝલખાને શિવાજી મહારાજને પકડવાનું.........................
(તમ્મર આવી જવા; સ્તબ્ધ થઈ જવું; બીડું ઝડપવું; પરસેવે રેબઝેબ થવું)

# વિભાગ-૫ લેખન-કૌશલ્ય

## પત્રલેખન

**અ) ૧) ઔપચારિક પત્ર**

**૧) 'દૂધની ડેરી'ની મુલાકાત માટેની મંજુરી માંગતો પત્ર નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખી લખો...**

- સમય.....વાર......તારીખ......
- મુલાકાત-ઈચ્છુકની કુલ સંખ્યા......
- મુલાકાતનો હેતુ, રસ-રૂચિ......
- અન્ય બાબત

**૨) તમારા વિસ્તારમાં ટપાલની અનિયમિતતા અંગે ફરિયાદ પત્ર નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખી પોસ્ટ માસ્તરને લખો.**

સ્વ-પરિચય..........અનુભવ........થતું નુકસાન.......શહેરના એક જાગૃત નાગરિક તરીકે વિનંતી....તાકીદ....સમાપન

**૩) પ્રાથમિક શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ હોવું જોઈએ..... આ અંગે નિવેદન આપતો પત્ર રાજ્યના શિક્ષણ વિભાગને લખો.**

- ❖ બિન અંગ્રેજી શાળાઓની હાલાકી.......
- ❖ માતૃભાષાની અસ્મિતા-રક્ષાની તાતી જરૂર....
- ❖ અંગ્રેજીનું ઘેલું વિદ્યાર્થી માટે કેવું નુકસાનકારક......
- ❖ માતૃભાષા અને અંગ્રેજીના સહ અસ્તિત્વથી સર્વાંગી વિકાસ.....

**૪) નીચેની જાહેરાત વાચી વર્તમાન પત્રમાં ખબરપત્રી તરીકેની અરજી આપતો પત્ર લખો.**

જોઈએ છે.... ખબરપત્રી (**"ભારત ઉત્થાન"**-વર્તમાનપત્ર)

- ભાષા પર ઉત્તમ પ્રભુત્વ...
- પ્રભાવશાળી વ્યક્તિતત્વ..... વ્યવસાય માટે રસ રૂચિ
- પત્રકારત્વની પાત્રતા.....જન સંપર્કની કાબેલિયત

**અરજી કરો**

**બોક્સ નં. ૪૬૦ મુંબઈ ૪૦૦ ૦૦૬.**

**૫) વાયુપ્રદૂષણ માટે જાગૃતિ આવે તે હેતુને ધ્યાનમાં રાખી ફરિયાદ કરતો પત્ર વર્તમાન પત્રના તંત્રીને...**

**સ્વ-પરિચય**

**વાયુ પ્રદૂષણના અનુભવો**

**આરોગ્ય પર થતી ઘેરી અસર**

**પ્રદુષણ ટાળવાના ઉપાયો**

**૨) અનૌપચારિક પત્રો**

**૧) તમે સાહિત્યમાં કેવો રસ ધરાવો છો. તેની માહિતી આપતો પત્ર તમારા મિત્રને લખો.**

સાહિત્ય ભાવ અને ભાષાનું ઘરેણું....મનનો આનંદ.....મનનો આહાર..... સાહિત્યના વિવિધ પ્રકાર...... સાહિત્યનો તમારો આનંદ.......સાહિત્ય પ્રાપ્તિના સ્ત્રોત...... ઈન્ટરનેટ સાહિત્ય શોધક ઉત્તમ મિત્ર......... મિત્રમાં સાહિત્યરસ જાગૃતિ માટેનું આવાહન.......

૨) "યોગ ભગાડે રોગ......" આ આરોગ્યમંત્ર સમજાવતો પત્ર ગામડે રહેતા તમારા દાદાને નીચેના મુદ્દાને આધારે લખો.

- ❖ વધતી જતી ઉંમરમાં તંદુરસ્તી જાળવવાનું મહત્વ.....
- ❖ ઔષધ અને યોગાસનમાં વિશેષ ફાયદાકારક શું? ...... વિશે સમજાવતો મુદ્દો......
- ❖ યોગનું વિશેષ મહત્વ અને પ્રકાર
- ❖ અન્યના અનુભવોની અને લાભની માહિતી.....
- ❖ સમાપન

૩) સ્માર્ટ મોબાઈલ ફોનના લાભ-ગેરલાભ વિશે સમજાવતો પત્ર તમારી નવમા ધોરણમાં ભણતી બહેનને નીચેના મુદ્દાને આધારે લખો.

૧) સ્માર્ટ મોબાઈલ ફોનના વ્યસની ADICT ન થવાની હાકલ..
૨) અભ્યાસ તરફ દુર્લક્ષ - નુકસાનકારક
૩) સ્માર્ટ મોબાઈલ ફોનના લાભ-ગેરલાભ
૪) ઉપયોગી APPS ફાયદાકારક કઈ રીતે તેની માહિતી......

૪) રેલ્વેની મુસાફરીમાં તમને થયેલ રમુજી અનુભવ વિશે તમારા મામાને નીચેના મુદ્દાને આધારે પત્ર લખો.

કોની સાથે...... ક્યારે......
કયાં જતા હતા...
થયેલ રમુજની માહિતી....
પ્રસંગ કેવી રીતે યાદગાર બન્યો.

૫) તમારા વિસ્તાર પાસેના ઝૂંપડામાં રહેતા એક બાળમજૂરને તમે શિક્ષણનું મહત્વ સમજાવી તેને શિક્ષણ પ્રવાહમાં જોડ્યો તે સ્વાનંદને વર્ણવતો પત્ર તમારી કોઈને નીચેના મુદ્દાને આધારે લખો.

બાળ મજૂર સાથે તમે પરિચયમાં કેવી રીતે આવ્યા......
તેની સાથેનો સંવાદ અને સમજાવટ......
તેને શાળા બાહ્ય વિદ્યાર્થી અને શિક્ષણના અધિકાર વિશે તમે આપેલ જાણકારી
બિન સરકારી સંસ્થા દ્વારા મળતી સહાયતા વિશે જાણકારી
તમને મળેલ સફળતા અને આનંદ...... સમાપન

**૬) શાળાના આચાર્યે તમારા ઘરે તમારા અભ્યાસની બેદરકારી અંગે પત્ર લખ્યો હતો. જેના વિશે તમારા પિતાજીએ તમને ખુલાસો પૂછ્યો છે તો તમારા પિતાજીને પ્રત્યુત્તર આપતો પત્ર નીચેના મુદ્દાને આધારે લખો.**

- ❖ અભ્યાસમાં થયેલ બેદરકારી માટે માફી.....
- ❖ અભ્યાસની બેદરકારીના કારણો બહાના......
- ❖ આવનારી વાર્ષિક પરીક્ષામાં સારા માર્ક લેવાની તમારા તરફથી ખાત્રી....
- ❖ ઉચ્ચ લક્ષ્ય માટેનું તમારું સમય અને અભ્યાસનું આયોજન.

## ગદ્યખંડ આકલન

**બ) નીચે આપેલ ગદ્યખંડનું ૧/૩ ભાગમાં સંક્ષિપ્ત કરો.**

**અથવા**

**ગદ્યખંડને આધારે પાંચ યોગ્ય પ્રશ્ન તૈયાર કરો.**

૧) જીવનની દરેક ક્ષણ એક નવી અને અનોખી ક્ષણ છે. બ્રહ્માંડને એવી અદભૂત પણ જે ફરી કદી નહિ આવે અને આપણે આપણા બાળકોને શું શીખવાએ છીએ? બે ને બે ચાર થાય, ફ્રાન્સની રાજધાની પેરીસ છે.....

તેઓ શું છે તે આપણે તેમને ક્યારે શીખવીશું?

આપણે તેમને કહેવું જોઈએ, 'તેને ખબર છે કે તું શું છે? તું એક અદ્વિતીય હસ્તી છે...... તું અદ્ભુત છે..... આટલા વર્ષોમાં તારા જેવું બીજું કોઈ પેદા નથી થયું...... તારા હાથ પગ, તારી સ્ફૂર્તિવાળી આંગળીઓ, તારું હલનચલન બધું જ મૌલિક છે.

તું શેક્સપિયર, માઈકલ એન્જેલો કે બીથોવોન કે ગાંધી, શિવાજી, કલામ, કે પછી સચિન તેંદુલકર થઈ.... તું ધારે તે કરી શકે છે. તું મોટો થઈશ તે પછી પણ તારા જેવું બીજું કોઈ નહિ મળે. મહેનત કર આપણે બધાએ ખુબ મહેનત કરવી જોઈએ જેથી કરીને નવી પેઢીને એવું વિશ્વ આપીએ જે તેમના માટે અનોખું હોય.

૨) ઇન્દ્રદેવે આવીને કર્ણ પાસે જન્મપ્રાપ્ત અને જીવનરક્ષક એવા કવચ-કુંડળની માંગણી કરી અને કર્ણ એનું વિના વિલંબ દાન કરે એમાં કર્ણની મહાનતા છે. વામનસ્વરૂપ પરમાત્માએ ત્રણ પગલા જમીન માંગી અને આકાશ, પાતાળ અને પૃથ્વીને ત્રણ ડગલામાં માપી લીધી, અને બલિરાજાએ સમસ્ત

વિશ્વ આપી દીધું. સત્યવાદી હરિશ્ચંદ્રે પોતાનું રાજપાટ આપી દીધું, સંત જલારામે વીરબાઈમાતાને દાનમાં આપી દીધા..... પ્રાચીન ઈતિહાસની આવી તો લાંબી શ્રેણી થાય તેટલી દાનેશ્વરીઓની કથા છે.

દાન કોઈ એક દેશ કે એક ધર્મનો ઈજારો નથી. વિશ્વના તમામ ધર્મનો અર્ક ત્યાગ, પરમાર્થ અને પરસુખના પાયાપર મંડાયો છે. ઇસ્લામ હોય કે હિન્દુ, જૈન હોય કે બૌદ્ધ ધર્મ, શીખ હોય કે ઈસાઈ.... બધાએ દાનનો મહિમા ગાયો છે. તમારી પાસે જે છે, તેમાંથી થોડુંક જરૂરતમંદને આપો તો દેશના અર્થતંત્રની સમતુલા જળવાઈ રહેશે. આ પૃથ્વીના જીવન તંત્રનું સૂત્ર છે દાન. એ કંઈ ભીખમાં આપેલો ટુકડો નથી, પરંતુ તે પ્રેમથી લાગણીથી, બંધુત્વ ભાવથી, ભાવનાથી પોતાના જ બંધુને ખવરાવેલો કોળિયો છે, આમાં લાગણીની આપલે છે, સુદામાના તાંદુળ ખાઈને કૃષ્ણે આપેલ મહોલાતની કથા છે.

૩) આ અખિલ નિખિલ બ્રહ્માંડમાં જળચર, ખેચર, ભૂચર એમ ત્રણ પ્રકારના પશુ-પંખીઓ વસવાટ કરે છે, પરસ્પરનો સ્નેહ એ આપણો સહજીવનનો ધર્મ છે. ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે પશુના સહકાર વગરનું આજનું આપણ પ્રગત જીવન અર્થહીન હોત..... ખેતી હોય કે પછી અન્ય મહેનતનું કામ, હાથી, ઘોડા, ગધેડા, ઊંટ, બકરા, ગાય, ભેસ, બળદ, કે પછી સંદેશવાહક કબુતર અને બાઝ .... અહ્હા.... આ બધાની જ સેવાનું પરિણામ અતુલ્ય છે. ઘરમાં કે દુકાનમાં રંજાડતા નિશાચર ઉંદરોને કાબુમાં રાખવા મીંદડીઓ કે પછી જેની વફાદારીની કસમો લેવાય તેવા શ્વાનો- કૂતરાઓ.... દુધાળા જાનવરોની તો તુલના જ શક્ય નથી..... એથી જ કદાચ કૃષ્ણને ગાયો વ્હાલી હશે.... ગાયોની ગોવાળી કરતો કા નો ગ્રાહથી ગજ છોડાવે એમ પુરાણ નોંધે, એમાં પશુ દયાની શીખ છે.

આજે વધતું જતું આધુનિકીકરણ અને શહેરીકરણ માનવને એક અભેદ સ્વાર્થના કવચમાં ગોંધી રહ્યું છે... બસ 'હું અને મારું જ અસ્તિત્વ' આટલું જ મારે મન મહત્વનું..... બાકી બધું તેલ લગાવવા ગયું.... માનવ એટલી નીચતાના સ્તરે જઈ બેઠો છે કે પોતાના સુખ માટે તે પર્યાવરણને જોખમમાં મુક્તા જરા પણ પાછું વળીને જોતો નથી...... ઉત્સવો ઉજવવાની ઘેલછામાં પશુ- પંખીનો વિચાર કરતો નથી.... પોતાના જીભના સ્વાદ માટે લેતો પશુનો બળી તેને જરા પણ વિચલિત કરતો નથી. ભાંભરતા ... ગાંગરતા.....પશુ પંખી જોઈને એને ખાવા લલચાતી માનવી ક્રૂરતાની હદ ઓળંગી ગયો છે એમ અહીં કહેવામાં અતિશયોક્તિ નથી.. અંધશ્રદ્ધા અને ધમ્રને નામે લેવાતો પશુબલિ અરેરાટી ઉપજાવી જાય છે. અરે ભૂખ્યા તરસ્યા રાખીને પોતાના પેટ માટે પશુઓનું શોષણ કરતો માણસ ક્યારે સુધારશે? એ પ્રશ્ન પશુપ્રેમીઓને ચિંતિત કરી દે છે.

૪) આજે વિદ્યાર્થી આ દૂરદર્શનના મનોરંજન અને પ્રબોધનના ઉદ્દેશ્યને નેવે મૂકી પોતાનું અણમોલ બચપણ વેડકી નાખે છે ત્યારે અરેરાટી થઈ જાય છે, આજે દૂરદર્શનનો મનોરંજનનો ગુણ વૈચારિક બુદ્ધિને કુંઠિત કરનારો ઘાતક સાબિત થઈ રહ્યો છે. દૂરદર્શન સેટની સામે જાડા કાચના ચશ્માં ચડાવી અનિમેષ નેત્રે સ્થિર થઈ ગયેલો બાળપણનો સુખદ સમય વિચારતા કરી મુકે છે. લગાવ લગાવ ઓર

જોર લગાવ, ફેવિકોલ કા મજબુત જોડ હૈં તૂટેગા નહિ.... એમ અશ્રાવ્ય ધ્વનિ આ સેટ સામે ચોંટેલા ઘેલાઓની સ્થિર મુદ્રા કહેતી હોય એવું લાગે છે. વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા નથી... ઇતર વાચન કરતા નથી..... ખુલ્લી હવામાં રમવા જતા નથી..... ઘરમાં પરિવાર સાથે બે ઘડી વિતાવતા નથી...... સમાજમાં, જ્ઞાતિમાં, સારાનરસા પ્રસંગે સામાજિક ઘરોબા કેળવતા નથી...... દિવાસ્વપ્નો જુવે છે..... કલ્પના વિશ્વમાં ખોવાયેલા રહે છે... વાસ્તવિકતાનો સામનો કરવા અસમર્થ થઈ રહ્યા છે.... સંસ્કાર અને સંસ્કૃતિથી પર થઈ રહ્યા છે.... અરે આજના કાર્યક્રમોનો કેન્દ્રબિંદુ 'લવ્હ' આજના વિદ્યાર્થીઓની વિકાસશીલ માનસિકતાને ડહોળી નાખે છે. ટી.વી. પર આવતી જાહેરાતો ભ્રમિત કરી બાળમાનસને બગાડી રહી છે. અરે આજે બાળકો વિચાર, વિનય, વિવેક અને સૌથી વધુ મૂલ્યવાન એવું વિદ્યાધન ખોઈ રહ્યા છે..... એવું કહેવામાં અતિશયોક્તિ નથી.

## ભાષાંતર

**ક) ભાષાંતર કરો. (અંગ્રેજીમાંથી ગુજરાતીમાં....)**

1) Action speaks louder than words.
2) Do a little more each day than you think you possibly can.
3) Happiness depends on what you can give, not on what you can get.
4) Slow and steady wins the reace.
5) You are what you think you are.
6) Only when you change, will your life change.
7) Nothing great was ever achieved without enthusiasm.
8) A ruler should be slow to punish & swift to reward.
9) A good name is not by many actions and lost by one.
10) Trees are like saints. They only give and don't expect anything.

## વિચાર વિસ્તાર

૧) માનવીના સહસ્ત્ર અપકૃત્યો વડે મલિન એવી સરિતા વહે,
ઘડી શુદ્ધ ઘડી મલિન થાય તોય કોઈ તેની સુધ ના લહે,
૨) ધર્મ એક જ અને તે માનવ ધર્મ.
૩) જયાં જયાં ખીલે સ્વતંત્રતા, ત્યાં ત્યાં ભાળતો મા ભોમકા
૪) કાજલ તજે ન શ્યામતા, મુક્તા તજે ન શ્વેત,
દુર્જન તજે ન કુટિલતા, સજ્જન તજે ન હેત,

૫) 'અશક્ય' બસ એટલો, હોય જો દૂર ને,
જુવાન દિલ તો પછી, વિજય હાથવેંતે મળે.

૬) મીઠાશથી સહજ જનના દોષ સર્વે છુપાતા,
કાંટા જેવા કટુ જીવનથી ગુણ ઢંકાઈ જતા.

૭) ભૂતકાળ ખાતર છે, ખોરાક નથી.

૮) માંગણ, છોરું, મહીપતિ, ચોથી ઘરની નાર,
છત-અછત સમજે નહિ, (કે) લાવ, લાવ ને લાવ.

૯) હાટ હાટ હીરા નહિ, કંચન કા ન પહાર,
સિંહન કા ટોળા નહિ, સંત વિરલ સંસાર.

૧૦) સાતવેંતના સર્વજન, કિંમત અક્કલ તુલ્ય,
સરખા કાગળ હૂંડીના, આંક પ્રમાણે મૂલ્ય

## નિબંધ લેખન

૧) વાચન - જીવનનું સાચું પ્રતિબિંબ

૨) જો વાદળ ખૂબ વરસે તો .........

૩) નદીની આત્મકથા

૪) મારા પ્રિય દેશ નેતા

૫) રાષ્ટ્રીય એકતા

૬) મારાં શાળા જીવનનાં સંસ્મરણો.

૭) પ્રદૂષણ - એક સાર્વત્રિક સમસ્યા.

૮) પરિશ્રમ એ જ પારસમણિ.

## વાર્તા લેખન

૧) છોકરાઓ ........... ગામ બહાર રમતા' તા ........ ચોરનું આવવું .......... ગભરામણ ............એક છોકરો કૂવા પાસે જઈ રડવા લાગ્યો ............ચોરને છેતર્યો ............ ચોર કૂવામાં ........... છોકરાઓ એની વસ્તુઓ ઉઠાવી પલાયન ........... બોધ ........... શીર્ષક.

૨) બે ભિખારી ........... એક આંધળો, બીજો, લંગડો ............ બન્ને લાચાર ............ લંગડો કહે છે, તું મને ખભાપર બેસાડ ............હું તમે રસ્તો બતાવીશ ............ બન્ને કબૂલ ............

૩) એક ખેડૂત ........... પાંચ દીકરા ........... પાંચે આળસું ...........ખેડૂતને ચિંતા ...........

હું મરીશ પછી આનું શું થશે? ........... મરવા પડે છે ........... પાંચને બોલાવવા ...........
ખેતરમાં સોના મહોરો ...........મરી જાય છે........... છોકરાઓ ખેતર ખોદે ...........
ચોમાસું ...........અનાજ પાકવું ........... મબલખ પાક ........... એ જ સોના મહોરો.

## અહેવાલ લેખન

૧) શાળાની સુવર્ણજયંતિનો અહેવાલ.
૨) ચૂંટણી - પ્રચાર સભાનો અહેવાલ.
૩) ધોરણ-૧૦ ના વિદાય સમારંભનો અહેવાલ.
૪) બસની હડતાલ અંગેનો અહેવાલ.
૫) અતિવર્ષાને કારણે ગ્રામ્યવિસ્તારમાં થયેલી પાયમાલીનો અહેવાલ.

## આમંત્રણ પત્રિકા

૧) શાળાના સ્નેહ સંમેલનની આમંત્રણ પત્રિકા તૈયાર કરો.
૨) રાષ્ટ્રીય દિનની ઉજવણીની આમંત્રણ પત્રિકા તૈયાર કરો.
૩) આંતરશાલેય નિબંધ સ્પર્ધાની આમંત્રણ પત્રિકા તૈયાર કરો.
૪) 'નેત્રચિકિત્સા' ની આમંત્રણ પત્રિકા તૈયાર કરો.
(આમંત્રણ પત્રિકામાં સ્થળ, સમય, તારીખનો સ્પષ્ટ ઉલ્લેખ જરૂરી છે.)